વા.લ. રૂ. ૧૦૦/-
વા. સ. રૂ. ૧૦૦/-

# સત્યાન્વેષણ

SATYASHODHAK SABHA, SURAT

૧૫ નવેમ્બર, ૨૦૧૯ Vol. 13 No. 11

## આગાહી અને જ્યોતીષ



નેટ પર તમને ચોક્કસ વાંચવા મળશે :
www.satyanveshan.com પર જાઓ.

# 'આસ્થા' એ અંધશ્રદ્ધાનું આકર્ષક નામ છે

**-એન. વી. ચાવડા**

આપણા દેશના એક મૂર્ધન્ય સાહીત્યકાર લખે છે કે, 'મહમ્મદ ગઝની મંદીર અને શીવલીંગ તોડી શકયો, પરંતુ આપણી આસ્થા તોડી શકયો નહીં. આપણે મંદીર ફરીથી બનાવ્યું.'

અહીં પ્રશ્ન એ ઉઠે છે કે મહમ્મદ ગઝની આપણી કઈ આસ્થા તોડી શકયો નહીં ? એનો જવાબ એ છે કે ભગવાન સોમનાથ આપણું રક્ષણ કરે છે, અને આપણને સુખ-શાંતી અને સમૃદ્ધી આપે છે. એવી આપણી આસ્થાને કારણે જ મંદીર પુનઃ બનાવાયું.

વાસ્તવીકતા એ છે કે ભગવાન સોમનાથ પરની આવી આસ્થાને તો ગઝનીએ તોડી જ નાંખી છે. અર્થાત્ ભગવાન સોમનાથ આપણું રક્ષણ કરે છે, અને સુખ-શાંતી આપે છે એવી આસ્થાનો ગઝનીએ મંદીર તોડીને, આપણને હરાવીને, મારીને અને લુંટી લઈને તોડી નાખી છે. એ સંજોગોમાં ગઝની આપણી આસ્થા તોડી શકયો નથી એમ કેવી રીતે કહી શકાય ?

મહમ્મદ ગઝનીએ આપણી એક બીજી આસ્થા પણ તોડી નાંખેલી, તે એ છે કે ગઝની જયારે સોમનાથ મંદીરને લુંટવા આવી રહયો હતો ત્યારે મંદીરના મહંતે જાહેર કરેલું કે ભગવાનના શીવલીંગમાંથી ત્રીજું નેત્ર ફુટશે અને તેના તેજ અને અગ્નીથી ગઝની અને એનું સૈન્ય સળગી જઈને નાશ પામશે. આવી આસ્થાને કારણે આપણી સમગ્ર પ્રજા ગઝની આવ્યો ત્યારે નાચતી અને કુદતી હતી, પરંતુ આપણે જાણીએ છીએ કે શીવલીંગમાંથી ત્રીજું નેત્ર ફુટયું જ નહી, અને ગઝનીએ શીવલીંગ સહીત મંદીરનો ધ્વંસ કર્યો. મંદીરમાં હજારો પુરોહીતો મંત્રજાપ કરતા હતા ! તેમની પ્રાર્થના પણ પ્રભુએ સાંભળી નહીં, બલ્કે એમનો પણ નાશ થયો.

વીચારણીય પ્રશ્ન અહીં એ છે કે આપણી આ બન્ને આસ્થાનો ધ્વંસ કેમ થયો ? એનો જવાબ એ છે કે આપણી એવી આસ્થા એ સત્ય નહોતુ, પરંતુ એ અંધશ્રદ્ધા હતી. વાસ્તવમાં ગઝનીએ આપણી અંધશ્રદ્ધાનો ધ્વંસ કર્યો હતો, છતાંય આપણે તે અંધશ્રદ્ધામાંથી બહાર નીકળી શકયા નહીં. તેથી જ અંધશ્રદ્ધાવશ આપણે મંદીરનું પુનઃનીર્માણ કર્યું !

**સત્યાન્વેષણ**

# સત્યાન્વેષણ

**મુખ્ય સંપાદક**

**સુર્યકાન્ત શાહ**

**સંપાદક મંડળ**

**બી. એ. પરીખ** **સીદ્ધાર્થ દેગામી** **સુનીલ શાહ**

**પ્રેમ સુમેસરા** **મનસુખ નારીઆ**

**૧૫ નવેમ્બર, ૨૦૧૯** | **સળંગ અંક : ૩૩૬** | **Vol. 13 No. 11**

('સત્યાન્વેષણ' ઉંઝા જોડણીમાં તૈયાર થાય છે, સીવાય કે લેખકની તે માટે અનીચ્છા હોય.)


## આગાહી અને જ્યોતીષ

**–સુર્યકાન્ત શાહ**

વૈજ્ઞાનીકો આગાહી કરે છે અને જ્યોતીષીઓ જ્યોતીષ જુએ છે. ભવીષ્ય હંમેશાં અનીશ્ચીત હોય છે અને અચોક્કસ હોય છે. સુર્યોદય જેવી નીયમીત કુદરતી ઘટનાઓ અંગે નીશ્ચીતતાપુર્વક અને ચોક્કસ આગાહી થઈ શકે. જ્યોતીષીએ પણ તે અંગે સુનીશ્ચીત આગાહી કરી શકે. અન્ય કુદરતી ઘટનાઓ અંગે ખાતરીપુર્વકની આગાહી વૈજ્ઞાનીકો કરી શકતા નથી. જ્યોતીષીઓ એવી આગાહી ખાતરીપુર્વક કરતા હોય છે. વૈજ્ઞાનીકો પ્રવર્તમાન ઘટનાને તપાસે છે. એના શક્ય એટલાં વધારે પાસાંનો અભ્યાસ કરે છે. ત્યારબાદ એ ઘટનાનો આગળનો ક્રમ કેવો હશે તેની ખુબ સાવચેતીપુર્વક આગાહી કરે છે. આ આગાહીનો પણ ગાણીતીક અને અંકશાસ્ત્રીય આધાર હોય છે. તલસ્પર્શી અભ્યાસ અને વીશ્વાસ મુકી શકાય તેવા આધારોના પ્રયોજન બાદ પણ વૈજ્ઞાનીકો ચોક્કસ જ ઘટના બનશે એવો દાવો કરતા નથી. એવી ઘટના બનવાનું સંભવીત હોવાનું તેઓ જણાવે છે. જ્યોતીષીઓ એવું કરતા નથી. તેઓ પ્રવર્તમાન કોઈ ચોક્કસ ઘટનાનો તલસ્પર્શી અભ્યાસ કરતા નથી. જુદા જુદા આકાશી પદાર્થોના કોઈ પણ પુરાવા વીનાનાં લક્ષણો એમણે પરાપુર્વથી તૈયાર કરી દીધા છે. એ લક્ષણોના આધાર લઈને તેઓ ખાતરીપુર્વકના જોશ જોતા હોય છે. તેઓ પુરા વીશ્વાસથી કહે છે કે તેમણે જે જ્યોતીષ ભાખ્યુ છે તે સો ટકા સાચુ પડશે. જ્યોતીષના જુદા

**ભારતીય બંધારણની ૫૧ એ (એચ) કલમ મુજબ વીજ્ઞાન અને વૈજ્ઞાનીક અભીગમનો પ્રસાર કરવા સત્યશોધક સભા 'સત્યાન્વેષણ'નું પ્રકાશન કરે છે. એમાં કોઈ પણ ધર્મ, જ્ઞાતી કે જાતીની લાગણી દુભાવવાનો ઈરાદો નથી. -સંપાદક મંડળ**

જુદા પ્રકાર છે. દરેક પ્રકાર અને તેને લગતા જોષીઓ પોતપોતાની રીતે ભવીષ્ય ભાખે છે. બધામાં એક સમાન ગુણ છે અને તે એ કે તેઓ જે ભાખે છે જે સો ટકા સાચુ પડવાનો દાવો. સુર્યગ્રહણ જેવી આકાશી ઘટના બને અને કોઈ એક પ્રકારના જયોતીષાનુસાર તેના થકી દુકાળ પડશે જેવુ ભાવી ભાખવામાં આવે તો જોષીઓ પુરી ખાતરીથી જણાવશે કે દુકાળ પડશે એટલે પડશે જ.

વૈજ્ઞાનીકો આટલી ખાતરીપુર્વક આગાહી કરી શકતા નથી. તેઓ બનેલી ઘટના અને તેના થકી સંભવીત ઘટનાક્રમની પુર્વશરતે જણાવે છે કે કદાચ કોઈ એક ચોકકસ ઘટના બને. એમની આગાહીમાં જોષીઓ  જેવી મકકમતા હોતી નથી. આ સંદર્ભે હમણાં ગુજરાત-મહારાષ્ટ્ર પર ‘મહા’ વાવાઝોડાની વાત કરીએ.  હવામાનશાસ્ત્રીઓએ શરુઆતમાં જણાવ્યું કે અરબી સમુદ્રના ચોકકસ વીસ્તારમાં હવાનું દબાણ ખુબ ઓછું થવાથી ત્યાં ચક્રાવાત પેદા થયો છે. એ ગુજરાત-મહારાષ્ટ્રના કીનારા તરફ પ્રતી કલાકે ૧૨૦ કી.મી.ની ઝડપે ધસે છે. આ એક ઘટના બની તે એમણે જોઈ. આના આધારે એમણે સંભવીત બનનાર ઘટનાક્રમ માંડયો. જો કોઈ અન્ય પરીબળો બીજી કોઈ અસર નહીં કરે તો ૬-૧૧-૧૯ થી શરૂ કરી ૮-૧૧-૧૯ સુધી એ મહારાષ્ટ્ર-ગુજરાતના કીનારા પર પ્રતી કલાકે ૭૦ થી ૮૦ કી.મી.ની ગતીથી ફુંકાતા પવન સાથે ધોધમાર વરસાદ વરસાવશે. જે ઘટનાક્રમ બનવાની એમને સંભવીતતા દેખાઈ હતી તે ઘટનાક્રમ નહીં થયો. કીનારા તરફ આગળ વધવાના પ્રસંગે ચક્રાવાતને જે સતત સ્થાન હળવું દબાણ મળવું જોઈએ તે મળ્યું નહીં. શરુઆતમાં જે હળવુ દબાણ હતું તેનો જે ધકકો લાગેલો તે ધકકાના જોરે એ આગળ વધતું હતું. પરીણામે એની ગતી પ્રતી કલાકે ૧૨૦ થી ઘટી, ૧૦૦ થી ઘટી ૯૦ થી ૭૦ કી.મી.ની થઈ.  આ ઘટતી જતી ગતીને હવામાનશાસ્ત્રીઓ નોંધતા ગયા, અને પોતાની આગાહીમાં તદ્‌નુસાર ફેરફાર કરતા ગયા. જયારે ચક્રાવાત કીનારાની નજીક આવ્યો ત્યારે તો તેની ગતી પ્રતી કલાકે ૧૦ થી ૧૫ કી.મી. જ રહી. કીનારા પર ચક્રાવાત આવ્યો ત્યારે તેમા ઝડપી પવનનું તત્ત્વ રહયું જ નહોતું. માત્ર પાણી ભરેલાં વાદળો જ રહયા. આથી વાવાઝોડોમાં જે બે તત્ત્વો હોય : ઝડપી પવન એટલે કે વંટોળ અને વરસાદ, તેમાંથી માત્ર વરસાદ રહયો. શરુઆતમાં જે આગાહી કરવામાં આવી હતી તેનાં ચોકકસ પ્રતીતીકારક કારણો હવામાનશાસ્ત્રીઓ આપણને જણાવતા રહયા. પરીણામે મુળ આગાહી પ્રમાણે વાવાઝોડું ત્રાટકયું નહીં, છતાં હવામાન શાસ્ત્રીઓ પરનો આપનો વીશ્વાસ ઓછો થયો નહીં.

બીજી બાજુ જોશીઓ છાતી ઠોકીને જે બનાવ બનશે જ નો દાવો કરે છે તેવું કશું બને નહીં ત્યારે તેઓ એનો પ્રતીતીકારક ખુલાસા આપતા નથી.  તદ્‌ન નહીં સમજાય તેવા

**(વધુ પાના નં.-૪ ઉપર જોવું)**

# અંધશ્રદ્ધાનાં 'ઘી' ઠેરઠેર ઢોળાય છે

**-તંત્રીલેખ**

પુરાણોમાં વીષ્ણુના નવ અવતારો છે. દસમો કલ્કી અવતાર આવવાનો બાકી હોવાનો ઉલ્લેખ છે. આપણા દેશમાં છાસવારે પોતાને કલ્કી અવતાર જાહેર કરી લોકોને મુર્ખ બનાવનારાઓની કમી નથી. મુર્ખ બનનારાઓ પણ જથ્થાબંધ મળી રહે છે...! ચેન્નાઈના કહેવાતા આધ્યાત્મીક ગુરુને ત્યાં આવકવેરા વીભાગના દરોડાએ સાબીત કર્યુ કે ધર્મને નામે લોકોને મુર્ખ બનાવી કરોડોની સંપત્તી એકઠી કરી શકાય છે. સ્વયંને વીષ્ણુના દસમા અવતાર ગણાવતા બાબાના સામાન્ય દર્શનના પાંચ હજાર અને વીશીષ્ઠ દર્શનની ફી પચીસ હજાર રુપીયા હતી ! આ ફી ચુકવીને એ 'મહાત્મા'ના દર્શન કરવા માટે લાંબી કતારો જોવા મળતી હતી. આવકવેરાએ આ બાબાને ત્યાથી કરોડોનું વીદેશી નાણું, ૮૮ કીલો સોનુ અને ૫૦૦ કરોડની અન્ય બેનામી સંપત્તી શોધી કાઢી...! વીષ્ણુના કહેવાતા અવતાર પર લક્ષ્મીજીની કેવી અપાર કૃપા...!! ભુતકાળમાં પણ આવા અનેક બાબાઓ આવકવેરા ખાતાની અડફટે ચડયા છે, છતાં, ભકતોના પેટનું પાણી હાલતું નથી. અંધભકતીના ચશ્માં ચડાવનારને જાણે સત્ય દેખાતું જ નથી. જીવનમાં સુખ-શાંતી-સમૃદ્ધી માટે તથા સમસ્યાઓના નીરાકરણ માટે કહેવાતા બાબાઓ, અવતારોની પાછળ આંધળી દોટ મુકી સતત છેતરાતો, છતાં મોટેભાગે છેતરાયાનો જરાયે અહેસાસ ન થતો હોય એવો બહુ મોટો વર્ગ ભ્રમમાં જીવી રહયો છે. આવા બાબાઓને શરણે જનારાઓએ પોતાની વૈચારીક ક્ષમતા પર જાણે પુર્ણવીરામ મુકી દીધું છે. એટલે જ સાવ સામાન્ય માણસને ભગવાનનો દરજ્જો આપવો કે પોતાને ભગવાન જાહેર કરનારાની સતત વ્યકતી પુજા કરતા રહેવાનું કોઠે પડી ગયું છે. અંધશ્રદ્ધાનાં ઘી માત્ર ગુજરાતમાં જ નથી ઢોળાતાં, દેશમાં ઠેરઠેર ઢોળાઈ રહ્યાં છે.

આ દેશમાં ગરીબી, બેરોજગારી, આર્થીક-સામાજીક અસમાનતા અને પારીવારીક સમસ્યાઓના વીષચક્રો એટલા જોરદાર રીતે કામ કરે છે કે માણસ સમસ્યાઓના મુળ સુધી જવાને બદલે, સમસ્યાઓનાં સાચાં કારણો શોધવાની આળસને લીધે સૌથી સરળ, હાથવગા ઉપાય તરીકે કોઈ ચમત્કારની અપેક્ષાએ પોતાની જાતને બાબાઓ-બાપુઓને હવાલે કરવાની હીમાલય જેવડી મોટી ભુલ કરી બેસે છે. એનાથી સમસ્યાઓનું નીરાકરણ તો થતું જ નથી, પણ તે વધુ પાયમાલી તરફ આગળ વધે છે. વળી, આ કહેવાતા આધ્યાત્મીક ગુરુઓનું પોતાનું પ્રચારતંત્ર પણ એટલું મજબુત હોય છે કે નબળી માનસીકતા ધરાવનારા બહુ સરળતાથી એમની વાતોનો વીશ્વાસ કરી લે છે. રાજકરણીઓ, ફીલ્મી સીતારાઓ પણ આ

દુકાનોના નીયમીત ગ્રાહક બનીને લોકોમાં અંધશ્રદ્ધા ફેલાવવાનો ગુનો આચરી રહયા છે. કોઈપણ પ્રકારની ભકતી હંમેશાં અંધ જ હોય છે. જયાં સુધી અંધભકતી ચાલતી રહેશે, માણસ પોતાની જાતને 'સાચું શું ? ખોટું શું ? સારું શું ? ખરાબ શું ?' એવા પ્રશ્ન નહીં કરે. એ સંશય નહીં કરે અને વીવેકપુર્ણ રીતે વીચારતો નહીં થાય ત્યાં સુધી બાબાઓ-બાપુઓની દુકાનો ચાલતી રહેશે.

ઈશ્વરના મેં વાઘા જોયા,
ત્યાં પણ દોરાધાગા જોયા.
પાર વગરનાં છટકાં જોયાં,
જયાં ત્યાં ટીલાંટપકાં જોયા.
દેખાવે તો એક જ લાગે,
એમાં દસદસ માથાં જોયાં !
ભીનું જેવું સંકેલાયું,
ગંગાજળના ડાઘા જોયાં !
વીધવા સામે કંકુ ચઢે,
અવતારી સૌ બાબા જોયા. -સુરેશ ઝવેરી

---

**(ચાલુ પાના નં.-૨ નું)**

એક યા વધારે અગોચર તત્ત્વોએ તેવો બનાવ થવા દીધો નહીં એવું ઠસાવે છે. આંકડા એમ કહે છે કે એમના દાવાના નેવુ ટકા ખોટા પડે છે કારણ કે તે ગપ્પાં જ હોય છે જે દશ ટકા સાચાં પડે છે તે પાછળ કોઈ પ્રતીતીકારક કારણ હોતું નથી, પરંતુ જોગાનુજોગ બનાવો બને છે. પરીસ્થીતીની કરુણતા એ છે કે જયોતીષ વારંવાર નીષ્ફળ પુરવાર થાય છે, છતાં પ્રજાનો બહુ મોટો ભાગ એના પર વીશ્વાસ મુકે છે. એકવાર ખોટા પડયાનું પુરવાર થયા પછી પણ પુનઃ તેમની જ પાસે તેઓ ભવીષ્યને જાણવા માટે જાય છે. ખોટા પડયાનું વારંવાર પુરવાર થયા પછી પણ લોકો જયોતીષમાં માને છે તે પ્રજાની અવૈજ્ઞાનીકતા પાછળની ઘેલછા સુચવે છે. જયોતીષનો ધંધો ફૂલેફાલે છે, તેનું કારણ જયોતીષની ભવીષ્યમાં જોવાની શકતી નથી, પરંતુ પ્રજાની ઘેલછા છે.

'ભવીષ્ય અનીશ્ચીત' છે. એ અંગે ખાતરીપુર્વક કશું કહી શકાય નહીં. જે કહી શકાય તેના માટે ચોકકસ ઘટનાની સાચી માહીતી અને તેના આધારે સંભવીત ઘટનાક્રમની આગાહી કરી શકાય, અને તે પણ ચોકકસ શરતો સાથે. જો પ્રજા આગાહીના આ વીજ્ઞાનને બરાબર સમજે તો ભાવીની અનીશ્ચીતતાનો મર્મ બરાબર સમજશે. ઉટાંગપટાંગ વાર્તાઓ બનાવી સો ટકા સાચુ પડવાની ખાતરી આપનારા જોષીઓની ચુંગાલમાં ફસાશે નહીં. તન-મન-ધનથી બરબાદ થશે નહીં. હમણાં જ આવી ગયેલા 'મહા' વાવાઝોડાની ગતીવીધી આગાહીના વીજ્ઞાનને સમજવા માટેનું એક સરસ ઉદાહરણ છે.

# કથાકારોના હસ્તે સાહીત્યના પુસ્તકનું વીમોચન શા માટે ?

**–રમેશ સવાણી**

હમણાં એક લઘુકથાનું પુસ્તક વાંચવા મળ્યું. પુસ્તકની શરુઆતમાં જ મોરારીબાપુનો પત્ર મુકયો છે. સાહીત્યની કૃતીકાઓમાં બાપુઓના આશીર્વાદ ? ગુજરાતમાં આ એક રીવાજ થઈ ગયો છે, સર્જકો પોતાના પુસ્તકનું વીમોચન બાપુઓના હાથે ન કરાવે તો એમને પોતાના સર્જનમાં કચાશ લાગે છે ! સર્જનમાં સામાજીક નીસ્બત હોવી જોઈએ એવું સર્જકો કયારે સમજશે ?

પ્રત્યેક કથાકાર/બાપુ દંભની મહા ફેકટરી છે. એ તમને મોહમાયા, ભૌતીક લાલસાઓ છોડી દેવાની શીખામણો આપશે, સંતોષી જીવનના ત્યાગના પાઠ ભણાવશે, અને પોતે અમર્યાદ સંપત્તી એકત્ર કર્યા કરશે ! બાપુઓ/ગુરુઓ કહે છે : ‘કોઈ પગે પડવા આવે, એ મને જરાય ગમતું નથી, પણ શું કરું ? લોકો માનતા નથી. ના પાડું તો એમની લાગણી દુભાય ! પુસ્તક વીમોચન મારું કામ નહીં, શું કરું ? ના પાડું તો સર્જકની લાગણી દુભાય !’ આ બાપુઓ સહીષ્ણુતાનો બોધ આપે, પરંતુ પોતાની ટીકા સહન ન કરી શકે. અનુયાયીઓ દોડીને ટીકાકારને ખોખરા કરી નાખે. બાપુને પુછો, તો કહે, ‘હે આવું થયું ? મને તો ખબર જ નથી !’ ભકતોને ટીકા સહન કરી લેવાનો બોધ પણ ન આપે ! વીચીત્રતા તો જુઓ, એક તરફ મનુષ્યની હત્યા કરાવે, બીજી તરફ ‘મનુષ્ય ગૌરવ દીન’ની ઉજવણી કરે ! કેટલાક બાપુઓ સરકારી જમીનો માત્ર એક રુપીયો ચુકવીને મેળવી લે છે. ગાંધીનગરમાં ’અક્ષરધામ’ અમદાવાદમાં ‘ભાવનીર્ઝર’ જેવી મોકાની વીશાળ જગ્યા વંચીત વીકાસ / શાળા-મહાશાળા માટે ફાળવી હોય, તેવો એક દાખલો તો બતાવો !

આપણા સર્જકો અહોભાવથી અને પુરસ્કારવૃત્તીથી લખે છે. ૧૯૮૧માં રઘુવીર ચૌધરીએ ‘સ્વામીનારાયણ સંતસાહીત્ય’ નામનું પુસ્તક સંપાદીત કર્યું હતું. તેમાં મોટામોટા સાહીત્યકારોએ સહજાનંદજીને ‘ભગવાન’, ‘અવતારી પુરુષ’ ‘દૈવી શકતી ધરાવનાર’ ‘લીલા કરી ગયેલા’ યુગપુરુષ તરીકે ગણાવ્યા છે. સાહીત્યકારોનું ટોળું વીવેક ચુકી જવાય તે હદ સુધી સાંપ્રદાયીક બાપુઓ/ગુરુઓના જયજયકાર કરે છે. રઘુવીર ચૌધરી લખે છે : ‘સહજાનંદ સ્વામીએ સમાજના છેલ્લામાં છેલ્લા માણસના માથે હાથ મુકયો. એટલું જ નહીં તેને ખભે ચઢાવ્યો.’ હકીકતમાં સહજાનંદે દલીતોને બે હાથ છેટે રાખ્યા હતા. ૧૮૬૮માં કવી નર્મદે કહયું હતું : ‘એ અજબ વાત છે કે સહજાનંદ માટે શીક્ષાપત્રી લખનાર આમોદનો વીદ્વાન

બ્રાહ્મણ દીનાનાથ ભટ્ટ હતો, અને તેણે સ્વામીનારાયણ મત સ્વીકાર્યો ન હતો ! સહજાનંદે ગુજરાતીઓના ભોળા ભાવનો લાભ લીધો.'

આત્મા/પરમાત્મા/પાપ-પુણ્ય/સ્વર્ગ-નરક/વર્ણવ્યવસ્થા/જરીપુરાણા રીવાજો/ રાજાશાહી-સામંતશાહી મુલ્યો/ભકતી/કટ્ટરતા વગેરે પ્રદુષણના જનક ગુરુઓ/બાપુઓ પાસે આપણા સર્જકો કઈ ચેતના પ્રાપ્ત કરવા જતા હશે ? બાપુઓની આભામાંથી નીકળી સર્જકો સાહીત્યની આભા કયારે પ્રગટાવશે ? આપણા સાહીત્યમાં સામાજીક નીસ્બતનો અભાવ છે, તેનું એક કારણ સર્જકોની બાપુઘેલી માનસીકતા શું જવાબદાર નથી ?

## વાચકોના મીતભાષી અભીપ્રાયો

* **બી. ડી. પટેલ, સરથાર તા. જી. રાજકોટ :** આપની સાથે ટેલીફોનીક વાત થયા મુજબ મારા તરફથી દાન અંગે વાત કરેલ તે મુજબ રકમ મોકલું છું. રેશનાલીઝમ વીચારધારાને વેગ મળે, ખાસ કરીને ગુજરાતના લોકોમાં રહેલ ઈશ્વર વીષેની ખોટી અને જડ કરી ગયેલ માન્યતાઓથી બહાર નીકળે તેવા લેખોનો જેમ બને તેમ વધારેમાં વધારે પ્રચાર પ્રસાર થાય તેવી આશા વ્યકત કરતો અને રેશનાલીઝમ વીચારધારા સાથે સહમત એવો માનવ.

## માર્ટીન મેકવાન સંપાદીત 'ભેદ ભારત'માંથી

**૨૦૧૫**

તામીલનાડુ રાજયના નામ્મકકલ તાલુકાનું રામપુરમપુદુર ગામ, ૧૨ મી નવેમ્બર, ૨૦૧૫ની સાલનો ગુરુવારનો એ દીવસ હતો. મ્યુનીસીપાલીટીની શાળા ચાલુ હતી, ત્યારે ત્રીજા ધોરણમાં ભણતા મોહમ્મદ શરીફ નામના બાળકે વર્ગખંડમાં જ સંડાસ કર્યું. શીક્ષક આ. ર. વીજયાલક્ષ્મીના ધ્યાન પર બીજા ધોરણમાં ભણતો ૭ વર્ષની દલીત છોકરો શશીધરન આવ્યો. તે છોકરો લોકોની નજરમાં સાવ છેવાડે ગણાતી અરુંધતીયાર જાતીનો. ૩૫ વર્ષની શીક્ષીકા વીજયાલક્ષ્મીએ શશીધરન પાસે એના હાથથી જાજરુ ઉપડાવ્યું !

પોલીસ સમક્ષ નાનકડા શશીધરને કેવી રીતે શીક્ષીકાએ તેની પાસે ગંદકી સાફ કરાવી, તેનું વર્ણન કરાવ્યું. શશીધરનના પીતા આર. લીરાસામીએ ફરીયાદ નોંધાવી. ત્યાર બાદ તો દલીત બાળકોને શાળાના વાર્ષીક મહોત્સવમાં, સાંસ્કૃતીક કાર્યક્રમોમાં અળગાં રાખવામાં આવતાં હતાં તેવી અનેક બાબતો બહાર આવી.

પોલીસે શીક્ષીકાની ધરપકડ કરી. તેને અદાલત સમક્ષ રજુ કરતા શીક્ષીકાને મહીલાઓ માટેની જેલમાં મોકલવામાં આવી.

(ધ ટાઈમ્સ ઓફ ઈન્ડીયા : ૧૪ મે, ૨૦૧૫)

**પ્રમોદચય પાઠકજી નીબંધ સ્પર્ધા (૨૦૧૯)**

**પ્રથમ વીજેતા કૃતી** **નીર્ણાયક : ડો. બી. એ. પરીખ**

# જીવન વિકાસમાં રેશનાલીઝમનું મહત્ત્વ

**–ચેવલી રાકેશકુમાર મોનીષ,**

**મો.–૬૩૫૩૯ ૫૨૯૭૭**

**(શેઠ પી. ટી બચકાનીવાલા વીધામંદીર, સુરત)**

રેશનાલીસ્ટ એટલે કે બુદ્ધીવાદી માણસ પોતાના પ્રશ્નો વીશે મુખ્યત્વે બે રીતે વીચારતો હોય છે. બહુ ઓછા એવા હોય છે જે બંનેનો ઉત્કૃષ્ટ ઉપયોગ કરીને તેને અમલમાં મુકે. આપણે હંમેશાં બુદ્ધીની સાથે સાથે લાગણીથી પણ વીચારવું જોઈએ. અહીં બુદ્ધી એટલે એકલી કોરી બુદ્ધી અને લાગણી એટલે એકલી કોરી લાગણી એવું સરલીકરણ થઈ ગયું છે. લાગણીથી વીચારતો માણસ બુદ્ધીને પ્રાધાન્ય ન આપે, કે બુદ્ધીને તાબે ન થાય, બુદ્ધીથી વીચારતો માણસ લાગણીને પ્રાધાન્ય ન આપે કે, લાગણીને તાબે ન થાય તેવું પણ ઘણીવાર જાણવા મળે છે. આપણે લાગણી અને બુદ્ધીનો શ્રેષ્ઠ ઉપયોગ કરીને રેશનલ અભીગમને અપનાવવો જોઈએ.

લંડનના રેશનાલીસ્ટ ઓર્ગેનાઈઝેશને 'રેશનાલીઝમ'ની જે વ્યાખ્યા કરી તે કંઈક આ પ્રમાણે છે :

'રેશનાલીઝમ એ એક એવું મનોવલણ છે કે જે તર્ક બુદ્ધીનો નિઃસંશય સ્વીકાર કરે છે. જે દાર્શનીક અને નીઃસ્વાર્થપણે ઘટનાઓને જોય છે. તેમાં અંધશ્રદ્ધા નાબુદ કરવાની હોય છે.

માણસે પોતે જ પોતાની જરૂરીયાતો પ્રમાણે ધર્મને શોધી કાઢયો છે. સાથે સાથે સાથે ઈશ્વરને પણ શોધી કાઢયો છે. 'આટલા મોટા વીશ્વમાં એવો કોઈક તો હોવો જોઈએ કે જેને આપણું નીર્માણ કર્યું' તેવા સવાલો તે પોતાને પુછતો હતો. જવાબ મળતો ન હતો. તેથી ઈશ્વર છે તેવી માન્યતા બંધાઈ. ઈશ્વર એ છે કે તે બધુ જ કરી શકે. બદલાવ કરી શકે, બધું જ માણી શકે. તેઓ એવું પણ માનવા લાગ્યા કે ઈશ્વર સર્વોપરી, સર્વવ્યાપી, સર્વઆવશ્યક છે. તે જ આપણો નીર્માણકર્તા છે, એટલે એવું મનાવા લાગ્યું કે માણસની શકતી મર્યાદીત છે, અને ઈશ્વરની શકતી અમર્યાદીત છે. તેની સાથે તેણે ધર્મને પણ શોધી કાઢયો. આપણો જન્મ કઈ રીતે થયો, અને તેનું કશું કારણ તો હોવું જોઈએ. આપણો જન્મ થયો તે માટે આપણે

તેનો વીચાર કરવો જ જોઈએ. આ વીચારમાંથી જે કંઈ બન્યું તેનો અભીગમ એટલે ધર્મ. ભારતના જુદા જુદા પ્રદેશોમાં જદા જુદા લોકોએ જુદા જુદા વીચારો કર્યા, અને તેમના વીચારમાં જુદા જુદા ધર્મો અને ઈશ્વરો વીકસ્યા.

કાળક્રમે આસ્તીક અને નાસ્તીક એવા વીભાગો પાડવાનું પણ સમાજને ફાવી ગયું. તેમાં બે વર્ગો ઉભા થયાં. તેઓનો એક ઈશ્વરને માનનારો વર્ગ, અને બીજો ઈશ્વરને ન માનનારો વર્ગ. આ બે વર્ગોમાં જે કંઈ છે તે રેશનાલીઝમ નથી. રેશનાલીઝમ તો એ છે કે બુદ્ધીથી આ તમામ વીષયોનો તાર્કીક જવાબ લાવે છે. આપણા સમાજમાં વીકસેલા અનેક વીષયોમાંનો એક વીષય ધર્મ કે ઈશ્વર છે. ઈશ્વર હોવાની માનવાની ભુલો અનેક સમાજસુધારકો પણ નહીં, પરંતુ સારા રેશનાલીસ્ટો પણ કરે છે. તેઓ તે હટાવવામાં એટલા રચ્યાપચ્યા હોય છે કે બીજા કાર્યોમાં તેનું ધ્યાન દોરી શકતા નથી.

રેશનાલીઝમ ભુતપ્રેત, વહેમ, અંધશ્રદ્ધા, ચમત્કારોના ઉન્મૂલનમાં માને છે. ભુતપ્રેતવાળી વાતો બુદ્ધીથી સ્વીકારી શકાય તેવી નથી. તેથી જ ઈશ્વર અને ઈશ્વરના અનેક વર્ગો વગેરે પણ બુદ્ધીસંગત કે તર્કસંગત નથી.

રેશનાલીઝમમાં અનેક તત્ત્વો છે. તેમાંનાં મુખ્ય બે તત્ત્વો બુદ્ધી અને લાગણી છે. તે બે તત્ત્વોમાં જે લોકો બુદ્ધીથી વીચારે છે તેઓ આગળ વધતા જોવા મળે છે. જે લોકો લાગણીથી વીચારે છે તેઓ માંસના લોચા જેવા હોય છે. તેથી સમાજમાં એવી માન્યતા ઉભી થઈ જાય છે કે રેશનાલીસ્ટોમાં કોઈપણ પ્રકારની બુદ્ધી હોતી નથી. તેમનામાં માનવતા, સભ્યતા, વગેરે ગુણો હોતા નથી. તેઓ લાગણી અને બુદ્ધીહીન હોય છે. કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે રેશનાલીસ્ટોને પણ મનુષ્યો છે. તેમનામાં પણ લાગણીશીલતા, માનવતા, સમાનતા, સભ્યતા વગેરે હોય છે. તેઓ પણ બીજા મનુષ્યની જેમ જ પોતાનું જીવન વીતાવતા હોય છે. તેઓ યોગ્ય રીતે વૈજ્ઞાનીક અભીગમ અપનાવી તેને અમલમાં મુકવાના પ્રયત્નો કરતાં હોય છે.

વ્યકતી જો વીચાર કરે તો તે સારી વસ્તુ છે, પરંતુ વીચાર કરતી વખતે તેમાં વાદ ઉદ્‌ભવે તે સારી વસ્તુ નથી. આપણા કેટલાક વીચારકો વીચારોનું આખુ મોટું માળખું બનાવતા હોય છે. તેમાંથી વાદ ઉદ્‌ભવે તો તે લોકો માટે ખાસ ઉપયોગી નીવડતો નથી.

રેશનલ અભીગમ મોટે ભાગે વૈજ્ઞાનીક અભીગમ સાથે મળતો વીચાર છે. એનો અર્થ એ નથી કે રેશનાલીસ્ટ એક મહાન વૈજ્ઞાનીક છે. કોઈ મનુષ્ય એવા વીચારો કરે છે તે કદાચ કોઈ રેશનાલીસ્ટ કે વૈજ્ઞાનીક ન પણ હોય. તેમાં તેને રસ કે વલણ ન પણ હોય. આમ

વૈજ્ઞાનીક અભીગમ સાથે મળતો આવતો વીચાર  એ રેશનાલીઝમ છે. રેશનાલીઝમ એવો વૈજ્ઞાનીક અભીગમ બની ગયો છે કે તે આપણામાંથી બધી અંધશ્રદ્ધા, વહેમો અને ભુતપ્રેતોની વાતો તેમ જ ચમત્કારનું ઉન્મુલન કહે છે.

સામાન્ય રીતે ભુતપ્રેત, વહેમો, અંધશ્રદ્ધા, ચમત્કારીતા વગેરે મુખ્યત્વે ધર્મ, ધાર્મીક લોકો પરંપરાઓ, પુરોહીતો વગેરે સાથે મળતી આવે છે. શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચેની તફાવતની એટલી પાતળી સરહદ છે કે શ્રદ્ધા રાખનાર મનુષ્ય પણ કયારે અંધશ્રદ્ધાના પ્રદેશમાં દાખલ થઈ જાય છે કે તેને પોતાને જ તેનો ખ્યાલ હોતો નથી. આથી ભારતમાં કેટલાક રેશનાલીસ્ટો અંધશ્રદ્ધા અને ચમત્કારોની દુનીયાનો પર્દાફાશ કરવા માટે તત્પર છે.

રેશનાલીઝમ માનવમુલ્યોના વીસ્તારમાં માને છે, તે માનવીમાંથી અંધશ્રદ્ધા અને વહેમો જેવી દરીદ્રતાને દુર કરે છે. ભૌતીક, સામાજીક અને કાયદાકીય મુકતીમાંથી આવી મુકતી હજારો ગણી સારી છે.

આપણે જોયું કે, મનુષ્ય એ ખુશ રહેવામાં, ધન કમાવામાં વગેરેમાં ધર્મ કે ઈશ્વર પર આધાર રાખે છે. તે યોગ્ય નથી. જો તે વૈજ્ઞાનીક અભીગમ અપનાવે, અને તે સમજશકતીનો સ્વીકાર કરે તો તે અનેક પડકારો ઝીલી શકે છે. તે અંધશ્રદ્ધા, ભુતપ્રેતની વાતો, વહેમો, ચમત્કારીક શકતી વગેરેનો ત્યાગ કરી શકે છે. સાથે સાથે ઈશ્વર અને તેવાં અન્ય તત્ત્વોને પણ પડકાર  ફેંકી શકે છે.

રેશનાલીઝમ વૈજ્ઞાનીક રીતે કોઈ પણ કાર્ય પાર પાડવામાં સફળ થાય છે. આ રીતે જોતા રેશનાલીઝમનો ખ્યાલ આપણા જીવન વીકાસ તેમ જ ઘડતર માટે ખુબ જ મહત્ત્વનો છે. તેથી જ હું, તમે અને સૌ રેશનાલીસ્ટોનો સહૃદય આભાર માને છે.

આશા રાખીએ કે મનુષ્ય પોતાના પ્રશ્નો પોતાની વીવેકબુદ્ધીથી તેમ જ રેશનલ અભીગમ દ્વારા, અને કોઈ પણ જાતની અંધશ્રદ્ધા વીના, હીંમત અને વીવેકથી તેનું નીરાકરણ શોધશે. આ જ રેશનાલીઝમનો મુખ્ય સ્રોત છે.

આ ત્યારે જ શકય બનશે જયારે સૌ લોકો રેશનલ મુલ્યોને અપનાવે. રેશનલ જાગૃતી ફેલાવે, દેશના લોકોમાંથી અંધશ્રદ્ધા વહેમ જેવી નુકસાનકારક રુઢીઓ બહાર કાઢ. પોતાના અન્ય મીત્રોને પણ તેના પ્રત્યે જાગૃત કરે અને તેના વીકાસમાં સહભાગી થાય !

તો ચાલો ! રેશનલ અભીગમને અપનાવીએ, અને પોતાના જીવનને એક સાચી દીશામાં વાળીએ !.

# ભેંસાસુરને ખુલ્લો પડકાર

**–ભવાન પોકાર, મરોલી**

સીત્તેર વર્ષ પહેલા Kkp વડીલો ખેત મજુરી કરતાં થાકી જતાં ત્યારે ખેતરમાં ઢેફાં પર જ આરામ કરી લેતા. Kkp માતાઓ ઢોરોનાં નીરણ-વાસીદા કરી કોઢારોમાં જ રસોઈ કરી થાક ઉતારતી. વડીલો અને માતાઓ કદી પોતાની ગરીબી કે દુઃખ દરીદ્રતાની ફરીયાદ નહોતી કરતાં કે ભુવા-ભગતો, જયોતીષ, તાંત્રીકો પાસે જતાં ન હતાં. ભગવાન લક્ષ્મીનારાયણ અને મા ઉમીયા પર શ્રદ્ધા રાખતાં. આજે Kkp પરીવાર સખત પરીશ્રમ અને નવા નવા વ્યવસાય અપનાવી પૈસે ટકે સુખી-સમૃદ્ધ થયો છે, પરંતુ તેમની માનસીકતા બદલાઈ ગઈ છે.

આજે તેઓ દેવ-દેવીના નામે પાખંડ કરતા ધુતારાના રવાડે ચઢી અંધશ્રદ્ધામાં ખુંપી રહયા છે. પોતે અને કુટુંબને બરબાદ કરી રહયા છે. સહજાડા-વાંસવાડાના આદીવાસીઓને દેવદુત માનીને તેમની સામે મા-બહેનો કે વહુઓને નીર્વસ્ત્ર કરાવતા પણ Kkp નથી મુંઝાતો. એ બેશરમ થઈ ગયો છે. પોતાના કુકર્મોથી દુઃખી થતો Kkp કહે છે કે શુંરધન નડે છે. પીતૃ નડે છે. જાગર કુંટાવીને ગુજરી ગયેલા વડીલોની આત્મા બોલાવવાનું તુત કરી અંધશ્રદ્ધાનું વરવું પ્રદર્શન કરે છે. પાખંડીઓ-ધુતારાઓ ઘરમાંથી દીકરી વહુઓને ઉપાડી જાય એટલી હદે અંધશ્રદ્ધાળુ થઈ ગયા છે. પરીવારમાં સગા ભાઈ એક બીજાના દુશ્મન બને છે. આવા પાખંડીઓની ચુંગાલમાં ફસાઈને...સહજાડાં વાંસવાડાથી પણ મોટું તુત ગુજરાત કરજણ પાસે નારેશ્વર રોડ પર આવેલા કહેવાતા બાપુના સ્થાનક પર ચાલી રહયું છે.

ભારતભરથી અંધશ્રદ્ધાળુ Kkp પોતાનાં કહેવાતાં દુઃખડાં દુર કરવા, સંતાનપ્રાપ્તી કરવા, ખુબ ધન કમાવા માટે ચમત્કારી વીધીઓ કરાવવા...ઉમટી પડે છે. રાયપુર, નાગપુર, કલકત્તા, કચ્છ, મહારાષ્ટ્ર, કર્ણાટક, ગુજરાતના Kkp પોતાની મોંઘી ac કારોમાં વીમાનોમાં આવે છે. આમાંથી ઘણા સમાજના હોદ્દેદાર કે આગેવાનો પણ હોય છે એ દુઃખની વાત છે. હાલમાં જ રાયપુરનું એક પરીવાર આ કહેવાતા બાપુની ચુંગાલમાં ફસાયું છે. આ કહેવાતા દાદા કે જેમાં શીવજીનો અંશ છે, જેના કારણે સગાં મા-બાપની દીકરા અને વહુ સાથે અને સગી બહેનને ભાઈ-ભાભી સાથે કાળુ-ધોળુ કરવાની વાતે ઝઘડા થયા છે. એક પરીવાર વીખાણો છે.

આજથી ૧। (સવા) વર્ષ પહેલા મેં Kkp સમાજના લોકોને દૈવી શકતી, ચમત્કારના દાવા કરતાં પાખંડીથી દુર રહેવાનો મેસેજ કર્યો હતો. મેસેજ કર્યાને ૨૪ કલાક પહેલાં જ કરજણ નારેશ્વર રોડ પર આવેલા ભેંસાસુર દાદાના સ્થાનક પરથી તેના પોઠીયા દેવરાજ નામની વ્યકતીનો ફોન આવ્યો, અને દાવો કર્યો કે, 'ભેંસાસુર દાદા તારું નખ્ખોદ વાળી દેશે...અહીં આવીને દાદાની માફી માંગી લે, નહીં તો દાદા તને લુલો-લંગડો અંધ બનાવી દેશે.' મેં કહયું, 'તારા ભેંસાસુર દાદા અને તારાથી થાય તે કરી લે.' ત્યારબાદ મોડી રાત સુધી ભારતભરથી ભેંસાસુર દાદા અને ભગવાન શીવજીના નામે પાખંડ કરતા પાખંડીની વાતોમાં અંધ થયેલાં અંધશ્રદ્ધાળુ Kkpઓના ધમકી આપતા અનેક ફોન આવ્યા હતા.

સવા વર્ષ સુધી હજી મને કંઈ થયું નથી.

આજે તા. ૨૯-૯-૧૯ ના રોજ હું ભવન પોકાર-મરોલી..પડકાર આપુ છું કે ભગવાન શીવજીના અંશ, તેના પોઠીયા દેવરાજ અને તેના અંધ Kkp ભકતોને કે બે દીવસમાં ભગવાન કે દૈવી શકતી, ચમત્કારો દ્વારા મને લુલો, લંગડો કે અંધ કરી બતાવે. ભેંસાસુર દાદાનો mo. 70164 03846 છે. દરેક Kkp ને વીનંતી કે મારી આ ચેલેન્જ ભેંસાસુર દાદાને મોકલે. 29/9/19 ના ભેંસાસુર દાદા જેમાં ભગવાન શીવજી છેના દાવા, ચમત્કાર, દૈવી શકતી ને પડકાર ફેંકયો હતો. આજે 2/10/19 ના રોજ હું બીલકુલ સાજો નરવો છું...

ભેંસાસુર દાદા મા શીવજીનો અંશ કે દૈવી શકતી કે ચમત્કારનો દાવો જુઠો અને પાખંડ છે...

મારી દરેક kkp ને વીનંતી છે કે આવા પાખંડીઓથી દુર રહે.

(નોંધ : ભવાનભાઈ પોતે kkp છે. એમને એમના જ્ઞાતીબંધુની માનસીક દુર્બળતા જોઈને ચીંતા થાય છે. એમણે પોતાના જ જ્ઞાતીજનોને ઉદ્દેશીને લખ્યું છે તેથી આ 'પડકાર' અત્રે પ્રસીદ્ધ કર્યો છે. તેમાં સત્યશોધક સભા અને 'સત્યાન્વેષણ'નો કોઈ જ્ઞાતીની ટીકાનીંદા કરવાનો હેતુ નથી. આ પડકાર થકી પણ કોઈ એક જ્ઞાતીના લોકો વહેમ-અંધશ્રદ્ધામાંથી મુકત થાય તેવા ઉદાત્ત હેતુથી જ આ 'પડકાર' પ્રસીદ્ધ કરવામાં આવ્યો છે. Kkp લખીને જ્ઞાતીની ઓળખ ગુપ્ત રાખવામાં આવી છે. - સુ.)

# ધર્મગ્રંથોની વૈજ્ઞાનીકતા

–ડો. બી.એ. પરીખ

**૧. પ્રાસ્તાવીક :** વીશ્વમાં હાલ જેની જોરશોરથી બોલબાલા છે તેવા ધર્મો ઈસ્લામ, ખ્રીસ્તી, હીંદુ વગેરે છે. ભારતમાં આ ત્રણેય ધર્મો ઉપરાંત બૌદ્ધ, જૈન, શીખ, પારસી ધર્મની પણ ગણનાપાત્ર વસતી છે. લગભગ તમામ ધર્મોમાં એક સર્વ સામાન્ય લક્ષણ એ છે કે કેટલાક દાવા કરવા :

(૧) અમારો ધર્મ તેમ જ ધર્મગ્રંથ ઈશ્વર, અલ્લાહ, ગોડ પ્રેરીત છે, રચીત છે.

(૨) આ ધર્મગ્રંથોમાં જ્ઞાન-વીજ્ઞાન ઠસોઠસ ભરેલું છે.

(૩) એમના એવા દાવા છે કે અમારા ધર્મગ્રંથોમાં વીશ્વમાં જરુરી તમામ પ્રકારનું જ્ઞાન આપેલું છે ! જે કહેવાતુ જ્ઞાન આ ધર્મગ્રંથોની બહાર છે તે જ્ઞાન જ નથી. તે જાણવા, ભણવાની જરૂર નથી.

(૪) ધર્મના સ્થાપક, ધર્મગ્રંથના રચયીતા જીસસ ક્રાઈસ્ટ, મહંમદ સાહેબ વગેરે અલ્લાહ, ગોડના son, સંદેશાવાહક-પયગંબર છે.

(૫) અમારો ધર્મ તમામ ધર્મોમાં સર્વશ્રેષ્ઠ છે.

**૨. ધર્મગ્રંથોમાં વૈજ્ઞાનીકતા :** હીંદુ ધર્મમાં વેદો, ઉપનીષદો, ભગવદ્‌ગીતા, ખ્રીસ્તી ધર્મનું ધર્મપુસ્તક - બાઈબલ, ઈસ્લામનો ધર્મગ્રંથ કોરાન તો જે તે ધર્મના આદ્ય સ્થાપકો, રુષીમુનીઓ દ્વારા અપાયેલો બોધ છે. કોઈપણ ધર્મગ્રંથ એ ઈશ્વર-અલ્લાહની વાણી છે, એના જેવું વાહીયાત કથન કોઈ નથી, અને એવું માનવું તેનાં જેવો કોઈ બીજો માનસીક અંધાપો નથી. હીંદુ ધર્મ કોઈ એક જ કાળમાં એક જ રુષી દ્વારા બોધાબેલો ધર્મ નથી. રુગ્વેદ, તેમ જ અન્ય વેદો, ઉપનીષદો વગેરે ૨૦૦૦ વર્ષના ગાળામાં જે તે સમયના રુષી-મુનીઓને આ વીશ્વ, વીશ્વમાં વસતી માનવજાત, તેમનું કલ્યાણ, વીશ્વમાં બનેલી, બનતી, બનનારી ઘટનાઓ તેમ જ વીવીધ સમસ્યાઓ વીષે તેમની અંગત સુઝ, સમજ પ્રમાણેના ઉકેલો, નૈતીક મુલ્યો, બોધ વગેરેનો સમાવેશ થાય છે. વળી આ ગ્રંથોનાં લખાણો અલગ અલગ કાળમાં અલગ અલગ રુષીઓ દ્વારા થયેલાં છે. તેથી તેમાં ઘણાં વીધાનો પરસ્પર વીરોધી તેમ જ આજની જાણકારીના સંદર્ભે અજ્ઞાન, ખોટી સમજણથી ભરેલાં, કાલ્પનીક તુક્કા છે.

હીંદુ ધર્મગ્રંથો વીષે જે છે તે ખ્રીસ્તી, ઈસ્લામના આદી ધર્મગ્રંથોનાં લખાણોને પણ અક્ષરસ : લાગુ પડે છે. વાસ્તવમાં કોઈ ધર્મગ્રંથમાં વીજ્ઞાન નથી જ. વીજ્ઞાન તેનો ઉદ્દેશ પણ ન હતો. આજ આપણી જાણકારી-જ્ઞાન વીકસ્યાં છે તે સંબંધમાં જે તે ધર્મગ્રંથોના કોઈક

તુકકા પણ તે ધર્મગ્રંથોમાંના કથનો, અનુભવ, તર્કથી વીચારેલાં કથનો નથી જ. જે તે કથનો તારણો તો માત્ર 'તુકકા' છે, જેને સાચા-ખોટા તપાસવાની કોઈ પ્રક્રીયા થઈ નથી, તેવી જરુર પણ તે લખનારાઓને લાગી નથી.

વર્તમાન સમયમાં વીકસેલાં જ્ઞાન, વીજ્ઞાન, જાણકારીના સંદર્ભમાં તમામ ધર્મના ગ્રંથો એ ઘણા અજ્ઞાનથી જ ભરેલા છે. આ હકીકત દરેક ધર્મનો દરેક અનુયાયી જાણે છે, પરંતુ ધર્મ, ધર્મગ્રંથ પ્રત્યેની આંધળી ભકતી, શ્રદ્ધાને કારણે તેવો સ્વીકાર કરી શકતો નથી.

### ૩. કોઈ પણ ધર્મગ્રંથ ઈશ્વર–અલ્લાહ રચીત નથી
### (કારણ કે તેનું અસ્તીત્વ જ નથી ! – સુ.)

આ વીશ્વમાં અલગ અલગ ભૌગોલીક પ્રદેશોમાં અલગ અલગ સમયે એવા મહાનુભાવો જન્મ્યા છે, જેમને પોતાની આજુબાજુ રહેતી માનવપ્રજાની વ્યથા, દુ:ખો, સમસ્યાઓ જીવન લીલા જોઈને અપાર વેદના થતી હતી. આ મહાનુભાવો 'આ મારા બાંધવોને કેવી રીતે સુખી જીવન આપી શકાય ?' તે પ્રશ્નથી સતત ચીંતીત રહેતા હતા. તેના વીશે એકાંતમાં બેસી સમસ્યા ઉકેલના ગહન વીચારમાં ડુબેલા, સતત લાંબી મુર્છા જેવી સ્થીતીમાં વીચાર, ચીંતન થવાને પરીણામે તેમના ચીત્તમાં સમસ્યાઓના ઉકેલો સ્ફુર્યા, અંતઃપ્રેરણાથી ઉંડા ચીત્તમાંથી તે સપાટી ઉપર આવ્યા. એ 'વીચારો' તે તેમનો બોધ. આ બોધને ગ્રંથાકાર અપાયો. તે જે તે મહાનુભાવના વીચારો વીશે લખાએલો ગ્રંથ. આ વીચારધારાને અલગ અલગ નામ અપાયાં તે ધર્મ કહેવાયો, અને વીચાર-ઉકેલોનું પસ્તક તે ધર્મગ્રંથ.

હવે આ 'જ્ઞાન' તે કંઈ જાગ્રત અવસ્થામાં વીચારેલું તો નહીં જ, પરંતુ ગહન ચીંતન દ્વારા વ્યકતીના ઉંડા અબોધ ચીત્તમાંથી બહાર સપાટી ઉપર આવેલા વીચારો છે. ગૌતમ બુદ્ધ-પ્રબુદ્ધ બન્યા, મહંમદ સાહેબે કહ્યું કે, 'મને ફરીસ્તા આવીને કહી ગયા !' જીસસ ક્રાઈસ્ટે કહ્યું કે, 'મને પર્વત ઉપરથી આદેશો સંભળાયા,' વગેરે. બહુ નમ્રતાપુર્વક આપણે માનવજાતના કલ્યાણ વીષે વીચારનારા, ચીંતા કરનારા આ મહાપુરુષોની કદર કરી, અને તેમને ધર્મસ્થાપક કહ્યા.

જરા જાગ્રત મને બુદ્ધીથી વીચારો કે, 'જો તમામ ધર્મગ્રંથો ઈશ્વર-અલ્લાહ રચીત-પ્રેરીત હોય તો, આ તમામ ધર્મોમાં આટલી બધી ભીન્નતા, કેટલીકવાર વીરોધ કેમ ? અલ્લાહ-ઈશ્વર તો એક જ, સર્વવ્યાપી છે, અને જો તે ઉકેલો આપતો હોય તો આવા અલગ, અલગ ભીન્ન ઉકેલો, બોધ કેમ ? આથી સ્વીકારવું પડે કે 'જે તે કાળખંડમાં દરેક મહાનુભાવે પોતાનાં સ્થળ, સમય, વાતાવરણના સંદર્ભમાં વીચારેલું. તેથી જ દરેક ધર્મમાં અલગ અલગ મુદ્દાઓ ઉપર અલગ અલગ મહત્ત્વ અપાયું છે, જુદા

જુદા ઉકેલો મળ્યા છે.

પોતાના સમયની પ્રજાના હીત માટે ચીંતન-ચીંતા કરનારા આ મહાનુભાવો, જીસસ મહંમદ ગૌતમ બુદ્ધ, મહાવીર સ્વામી, રુષી-મુનીઓને આપણા સાદર પ્રણામ.

**૪. ધર્મગ્રંથની માનવીયતા, માનવસહજતા વીષે :**

દરેક ધર્મગ્રંથ માનવરચીત જ છે, અને તેથી તેમાં માનવસહજ વીશેષતાઓ, સબળાઈઓ, નબળાઈઓનો પડઘો હોય એ સ્વાભાવીક જ છે. કોઈ પણ ધર્મગ્રંથ 'સંપુર્ણ' 'અબાધિત' નથી જ, ભલે ધર્મગ્રંથની પુજા કરીએ, પરંતુ તેની વાસ્તવીકતા તો સ્વીકારવી જ પડે, દા.ત. :

(૧) કોઈપણ ધર્મગ્રંથનાં લખાણોમાં એકસુત્રતા, સળંગતા છે જ નહીં, હોઈ શકે નહીં. તે પછી વેદ હોય કે કોરાન, બાઈબલ હોય.

(૨) જીસસ, મહંમદ કે રુષી-મુનીઓના સમયમાં લેખન કળા વીકસી નહોતી. છપાઈ કળા તો હતી જ નહીં.

તેથી ધર્મના બોધ, આદેશોનું ગ્રંથીકરણ તો ધર્મની સ્થાપના બાદ સેંકડો વર્ષ પછી થયું. આ વચગાળાના સમય દરમીયાન જે તે ધર્મના વીદ્વાનો, મૌલવીઓ, પાદરીઓ વગેરેએ મુળ વીચારોમાં ઘણા સુધારા, વધારા કર્યા છે. આજનું બાઈબલ કે કોરાન એ મુળ જીસસ કે મહંમદ સાહેબે કહેલું બાઈબલ, કોરાન નથી જ.

(૩) વળી કોરાન ધર્મગ્રંથની કેટલીક વીશેષતાઓ છે જે નજર અંદાજ થઈ શકે તેવી નથી. (અ) કોરાનમાં સંદેશ એક જ વખતમાં. એક જ તબક્કામાં ઉતરેલો, મળેલો સંદેશ નથી. લગભગ ૨૩ વર્ષ દરમીયાન દસથી બાર બેઠકોમાં મહંમદ સાહેબને કોરાનના સંદેશા મળ્યા છે. જે એમણે તો લખ્યા નથી જ. 'દીવ્ય કુર્આન' ગુજરાતીના સંપાદક સૈયદ અબુલઆ'લા મૌદુદી (ઈસ્લામી સાહીત્ય પ્રકાશન) આ ગ્રંથના આમુખમાં લખે છે કે :

- મહંમદ સાહેબ નીરક્ષર હતા. તેથી તેમને ઉદભવેલા સંદેશામાંથી જે યાદ રહ્યું હોય તે લહીયાઓને લખાવતા.
- કોરાનના લખાણમાં ઈન્સાન અને વીધમાન જગતનું વર્ણન છે, તે ભૌતીકશાસ્ત્રની પદ્ધતી પ્રમાણે નથી. તેમાં કાયદાના હુકમો અને સીદ્ધાંતોનું વર્ણન તે કાયદા, વીધાયકોથી સાવ ભીન્ન છે.
- કોરાન દસથી બાર બેઠકોમાં તેવીસ વર્ષ દરમીયાન ઉતર્યું છે. તેથી કોરાનની વાણી એક અવ્યવસ્થીત, અસંબંધ અને વીખરાયેલી વાણી છે. આરંભથી અંત

સુધી અસંખ્ય નાના મોટા અસંગત અને પરચુરણ વીષયો ઉપર નીર્ભર છે.

- વળી કોરાન જે ક્રમમાં ઊતર્યું તે ક્રમમાં લખાયું નથી. ઘણી પુનઃ ગોઠવણી થઈ છે.
- આજે પણ એરેબીક કોરાનના બે પ્રકારો છે Hafs અને Wans તેમાં ઉચ્ચાર તેમજ કારકુની ભુલોના તફાવતો છે.
- કોરાનમાં મહંમદ સાહેબે વારંવાર કહ્યું છે કે ‘આગળ કહેવામાં આવ્યું છે તેના કરતાં જુદુ આજે કહેવાયું હોય તો તે સાચું માનવું.’
- તો શું અલ્લાહે આગળ ભુલ કરી છે ! અથવા અધુરૂં કહ્યું છે ?
- જો અલ્લાહે જ કોરાન કહ્યું હોય તો આઠ-દસ બેઠકોમાં કેમ કહ્યું ? એક સાથે કેમ નહી ? શું અલ્લાહને રહી રહીને વીચારો સુઝતા હતા ?
- સાચી વાત તો એ હોઈ શકે કે જે તે સમયે જે સમસ્યા લાગે તેના વીષે મહંમદ સાહેબ ચીંતા ચીંતન કરતા હતા.
- ઈસ્લામના મુળ સીદ્ધાંતોમાં સમાનતા, ભાઈચારો, શાંતી છે. તો પછી ઈસ્લામ દ્વારા ત્રણ વર્ગો કેમ પાડયા છે : પાક મુસ્લીમ, દંભી મુસ્લીમ અને કાફીર ? અલ્લાહ આ કાફીરોના દુશ્મન છે. કાફીરોને મીત્ર બનાવો નહી. ઝાકીર નાઈક કહે "All non-believers have to either submit to Islam or be killed".
- ઈસ્લામ-મહંમદ સાહેબને તેમના જીવન દરમીયાન સતત બીનમુસ્લીમો, બીનઆરબો, ખ્રીસ્તીઓ, યહુદીઓ સાથે લડાઈઓ થઈ છે.
- ઈસ્લામનો ઉદભવ અને વીકાસ સતત સંઘર્ષ યુદ્ધના વાતાવરણમાં જ થયો છે. વળી તેમાં જીહાદનો ઉપદેશ આપવામાં આવ્યો છે, તો ઈસ્લામને ‘શાંતી’ સાથે શો સંબંધ છે ? ઈ.સ. ૬૧૦ થી ૨૦૦૬ સુધીના ૧૪૦૦ વર્ષ દરમીયાન ઈસ્લામ સાથેના સેંકડો યુદ્ધોમાં ૨૭ કરોડ હત્યાઓ થઈ છે.
- ઈસ્લામનો પ્રવાહ સતત યુદ્ધો અને વટાળ દ્વારા જ થયો છે. જીહાદના નામે આજે ઈસ્લામીક આતંકવાદ ફેલાઈ રહયો છે. તાલીબાન, હમસ, અલકાયદા, ISIS, તેમ જ પાકીસ્તાનમાંના સેંકડો આતંકવાદી જુથો ઈસ્લામના નામે અલ્લહના કસમ ખાઈને જ ત્રાસ ફેલાવે છે.
- કહે છે કે આ કોરાનનો આદેશ છે.
- દરેક ધર્મમાં મુળ ધર્મમાંથી ફાંટાઓ પડે છે. તેમ ઈસ્લામમાં પણ શીયા, સુફી, અહમદીયા, ખોજા વગેરે ફાંટાઓ છે. દરેક ફાંટાવાળો પોતાને ઈસ્લામી ગણાવે છે. કોરાન તેમ જ મહંમદ સાહેબને વફાદાર હોવાનો દાવો કરે છે. છતા સુન્ની

ઈસ્લામ જે પોતાને સાચો, ચુસ્ત ઈસ્લામ માને છે તે આ જુથોને બીનઈસ્લામી ગણે છે. શત્રુતા ધરાવે છે. ઈતર ધર્મીઓથી આભડછેટ, અલગતા રાખે છે.

- Multi Culturism નો ખ્યાલ ઈસ્લામને સ્વીકાર્ય નથી. લોકશાહી ઈસ્લામને અનુકુળ નથી.
- સમયના પ્રવાહમાં લગભગ તમામ ધર્મોમાં સમયોચીત સુધારા, પરીવર્તનો થયાં છે. પ્રમાણમાં ઈસ્લામમાં સ્થગીતતા, કટ્ટરતા વધારે છે. આમ કેમ ?

**તારવણી :**

સ્વીકારો અને અમલ કરો કે કોઈપણ ધર્મ માનવરચીત છે. માનવસહજ ભુલો, ક્ષતીઓ, ખામીઓ તેમ જ પ્રશંસા, કદરને પાત્ર છે. ધર્મ, ધાર્મીક માન્યતાઓ વીશે વીશેષપુર્ણ, માનવ હીતલક્ષી રીતે વીચારો.

---

## સૌથી વીશ્વાસુ વૈજ્ઞાનીકો

વીવીધ વ્યવસાયોમાં રોકાયેલા લોકોમાંથી કોના પર પ્રજા સૌથી વધી વીશ્વાસ મુકે છે, અને કોના પર સૌથી ઓછો વીશ્વાસ મકે છે તેનું હમણાં વૈશ્વીક પાયે સર્વેક્ષણ થયું. વીશ્વાસુ એટલે પોતે જે બોલે છે તે પ્રમાણે જ વર્તશે એવી પ્રજાને થતી ખાતરી. આ પ્રકારની ખાતરી વૈજ્ઞાનીકો એમનાં વાણી-વર્તન દ્વારા આપે છે એવું સર્વેક્ષણ હેઠળના ૮૪ ટકા લોકોએ જણાવ્યું. પ્રજાનો મોટો ભાગ માને છે કે એમના પર વીશ્વાસ મુકી શકાય.

વૈજ્ઞાનીકો પછી આવે છે, શીક્ષકો. વીશ્વભરની પ્રજા માને છે કે એમનાં બાળકો અને યુવાનોને જેઓ શાળા-મહાશાળામાં શીક્ષણ આપે છે તે શીક્ષકો પર ભરોસો મુકી શકાય. સર્વેક્ષણ હેઠળના સીત્તેર ટકા લોકોએ શીક્ષકને વીશ્વસનીય સમુદાય ગણાવ્યો છે. જેના પર પ્રજાને સૌથી ઓછો વીશ્વાસ છે તે રાજકરણીઓ છે. રાજકરણીઓ પર ભરોસો મુકવા માટે સંમત માત્ર દશ ટકા લોકો છે. રાજકરણીઓ સૌથી ઓછા વીશ્વસનીય અને સૌથી વધારે વીશ્વાસઘાતી હોવાનો બહુ મોટા ભાગની પ્રજા માત્ર માને છે, કરુણતા એ છે કે આ અવીશ્વસનીયો બધા પર રાજ કરે છે.

આમ, રેશનાલીસ્ટો માટે આનંદની વાત છે કે જે વૈજ્ઞાનીક અભીગમનો તેઓ આગ્રહ રાખે છે, અને પ્રચાર-પસાર કરે છે તે અભીગમ ધરાવીને વીશ્વને જ્ઞાનની નવી દીશા રોજેરોજ ખોલી આપતા વૈજ્ઞાનીકો સૌથી વધારે વીશ્વસનીય છે.

# ફાસીવાદ એટલો બધો લોભામણો કેમ છે, અને ડેટા તેને કઈ રીતે વધુ શકતીશાળી બનાવે છે ?

-આર. કે. દેસાઈ

**(અંગ્રેજીમાં પ્રસીદ્ધ થયેલ અમુક લેખોનું સંકલન અને તરજુમો)**

(રેશનાલીઝમની વીરુદ્ધમાં સૌથી મોટો એક પડકાર ફાસીઝમનો છે. ખુબ વીચીત્ર રીતે ફાસીઝમ વીજ્ઞાન, ટેકનોલોજીની મદદ લઈને બળવાન બને છે ! આમ રેશનાલીસ્ટોએ ફાસીવાદ અને તેની મદદમાં આવતાં વીજ્ઞાન-ટેકનોલોજીને સમજવા જોઈએ - સુ.)

ફાસીવાદ શબ્દ આજે કયાંતો એક ગાળ તરીકે વપરાય છે અથવા બીજા છેડે તેને ગેરસમજથી રાષ્ટ્રવાદ સમજવામાં આવે છે. આથી ફાસીવાદ ખરેખર શું છે અને તે કઈ રીતે રાષ્ટ્રવાદથી અલગ પડે છે તે સમજવુ આવશ્યક છે. તેના સૌમ્ય સ્વરુપમાં રાષ્ટ્રવાદ એક ખુબ જ લાભકારક માનવસર્જન રહ્યું છે. એકબીજાને વાસ્તવમાં જાણતા નથી એવા લાખો અને કરોડો અજાણ્યા માનવોનો સમુદાય એટલે રાષ્ટ્ર. ભારતના કરોડો લોકોને હું જાણતો નથી, પણ રાષ્ટ્રવાદને આભારી મને તેમની કદર છે. તેમની સાથે અસરકારકપણે હું સહકાર કરું છું. આ એક ઘણી સારી બાબત છે. ભલે અમુક લોકો એવું માનતા હશે કે રાષ્ટ્રવાદ વીનાનું જગત શાંતીમય સ્વર્ગ સમાન હોત. તેથી વીપરીત અમુક મત પ્રમાણે તે કબીલાઓ આધારીત જીવંત અરાજકતા જ હોત. જગતના સમૃદ્ધ અને શાંત રાષ્ટ્રો જેવા કે સ્વીડન, સ્વીટ્ઝરલેન્ડ અને જાપાન પાસે બળવાન રાષ્ટ્રભાવના છે. તેથી વીપરીત કોન્ગો, સોમાલીયા અને અફઘાનીસ્તાન જેવા દેશોમાં રાષ્ટ્રવાદની પકડ નબળી છે ! તેઓ હીંસક અને ગરીબ રહ્યા છે.

તો ફાસીવાદ શું છે અને તે રાષ્ટ્રવાદથી કઈ રીતે અલગ પડે છે ? રાષ્ટ્રવાદ કહે છે કે, ‘મારો દેશ અનન્ય છે, અને મારી તેની પ્રત્યે ખાસ જવાબદારીઓ છે.’ ફાસીવાદ કહે છે કે, ‘મારો દેશ મારે માટે સર્વોચ્ચ છે, અને મારી તેના પ્રત્યે અન્ય બધી જવાબદારીથી અલાયદી સવીષેશ જવાબદારી છે. મારે રાષ્ટ્ર સીવાય કોઈ વ્યકતી કે વસ્તુની દરકાર રાખવી જરૂરી નથી. ઉદાહરણ તરીકે એક સારો દેશભકત હોવાથી મારી દેશ પ્રતી વફાદારી છે, પણ તે સાથે મારાં કુટુંબ, પડોશીઓ, પોતાના વ્યવસાય, સમગ્ર માનવજાત, સત્ય અને સૌંદર્ય પ્રતી પણ વફાદારી છે. નીઃસંદેહ જયારે મારી વીવીધ વ્યકતીતા અને વફાદારીઓ

હોય ત્યારે અમુક વખત હીતો વચ્ચે ટકરાવ અને ગુંચવણો ઉદભવવાની, પણ જીવન સરળ તો છે જ નહીં. આપણે આ ગુંચવણો સાથે નીપટવાનું છે. ફાસીવાદ ત્યારે ઉદભવે છે જયારે લોકો જીવનની સંકુલતાઓની  અવગણના કરે છે, અને પોતાના માટે જીવન વધુ પડતુ સરળ બનાવવાનું સ્વીકારે છે. ફાસીવાદ રાષ્ટ્ર સીવાયની તમામ વ્યકતીતાઓને નકારે છે, અને આગ્રહ સેવે છે કે મારે માત્ર રાષ્ટ્ર પ્રત્યે જ વફાદાર રહેવાનું છે. અગર રાષ્ટ્ર મારા કુટુંબના બલીદાનની માંગણી કરે તો મારે કુટુંબનું બલીદાન આપવું જોઈએ. જો રાષ્ટ્ર માંગે કે મારે લાખો માણસોની કતલ કરવાની છે તો હું લાખોની હત્યા કરીશ. જો રાષ્ટ્ર માંગે કે હું સત્ય અને સૌંદર્ય પ્રતી દગો કરું તો મારે સત્ય અને સૌંદર્ય પ્રતી દગો કરવો. ફાસીવાદી કલાનું મુલ્યાંકન કેવી રીતે કરે છે ? અમુક ફીલ્મ સારી છે કે નથી સારી ? તો જવાબ બીલકુલ સરળ છે. માપદંડ એક જ અને સરળ છે. જો ફીલ્મ રાષ્ટ્રના હીતોને ટેકો આપે તો તે સારી, નહીં તો તે ખરાબ ! ફાસીવાદ બાળકને શાળામાં શું શીખવવું તે કેવી રીતે નકકી કરે ? ફરીને જવાબ બીલકુલ સરળ છે. કારણ માપદંડ એક જ છે. શાળામાં બાળકને એ જ શીખવો જે રાષ્ટ્રના હીતને પુરક બને. સત્યની કોઈ દરકાર કરવાની જરુર જ નથી.

આ પ્રકારની વીચારસરણીનાં પરીણામો આપણને બીજા વીશ્વયુદ્ધની ભયાનકતા અને યહુદીઓ પરની બર્બરતાની યાદ આપે છે. સામાન્યપણે જયારે આપણે ફાસીવાદની હાનીકારકતા અંગે વાત કરીએ છીએ ત્યારે તે અસરકારકપણે કરીએ છીએ. આપણે ફાસીવાદને ધૃણાસ્પદ રાક્ષસ તરીકે દર્શાવીએ છીએ, પણ વાસ્તવમાં તેની મોહકતા શી છે એ સમજાવતા નથી. ફીલ્મોમાં જે વીલન હોય છે તે દેખાવે જ અધમ, કુરુપ, અને ધૃણાસ્પદ દર્શાવાય છે. આપણને અચંબો થાય કે આવા માણસને સાગરીતો કેવી રીતે મળતા હશે, પણ દુષ્ટતાની ભ્રમનીતી એ છે કે વાસ્તવીક જગતમાં દુષ્ટ કંઈ દેખાવે કુરુપ જ હોય એવું જરુરી નથી. તે સુંદર પણ દેખાઈ શકે છે. તેથી જ દુષ્ટ અને ફાસીવાદની મોહકતાથી અલીપ્ત રહેવું કઠીન છે.

ફાસીવાદ લોકોને દુનીયામાં સૌથી સુંદર અને સૌથી અગત્યનું જે છે તેનો પોતે હીસ્સો હોવાનું બતાવે છે. તે છે રાષ્ટ્ર. લોકો વીચારે છે કે એમને તો એવું શીખવવામાં આવ્યું હતું કે ફાસીવાદ કુરુપ છે, પણ હું મને ફાસીવાદના આયનામાં જોઉં છું તો મને તો બધું ખુબ સુંદર જ દેખાય છે. આથી હું ફાસીવાદી નથી જ. આ જ છે સમસ્યા ફાસીવાદની. તમે

જયારે ફાસીવાદના  આયનામાં જાતને નીહાળશો તો તેમાં તમે વાસ્તવમાં છો તેનાથી વધુ સુંદર દેખાવાના. સન ૧૯૩૯ની સાલમાં જર્મનોએ પોતાની જાતને ફાસીવાદના આયનામાં નીહાળી, અને તેમને જર્મની વીશ્વમાં સૌથી સુંદર દેશ દેખાયો. ઘણા દેશના વતનીઓ આજે પણ પોતાને ફાસીવાદના આયનામાં નીહાળશે તો જાતને સૌથી સુંદર નીહાળશે. એનો અર્થ એ નથી કે જગત ૧૯૩૯ના યુગ તરફ ફરી ધકેલાઈ રહ્યું છે.

ફાસીવાદ પુનરાગમન કરી શકે છે, પણ તે નવા સ્વરુપમાં આવશે. તે ૨૧મી સદીની ટેકનોલોજી સાથે સુસંગત સ્વરુપમાં આવશે.

પુરાતન સમયમાં જમીન જ સૌથી અગત્યની અસ્કયામત હતી. તેથી રાજકારણ જમીન પર કાબુ કરવાના સંઘર્ષ માટેનું હતું. આથી આપખુદશાહીનો અર્થ તમામ જમીન એક અથવા એક નાના જુથના તાબા હેઠળ રહે તેવો થતો. ત્યારબાદ યંત્રો વધુ અગત્યના બન્યાં. તેથી રાજકારણ યંત્રો પરના આધીપત્ય સંદર્ભમાં થવા લાગ્યું. આપખુદશાહીનો અર્થ તેથી ઘણા વધારે પડતા યંત્રો સરકાર અગર તો નાના ભદ્રલોકના હાથમાં હોય એ થયો. આજે જમીન અને યંત્રોનું સ્થાન સૌથી અગત્યની અસ્કયામત તરીકે ડેટા લઈ રહ્યું છે. તેથી રાજકારણ ડેટાપ્રવાહ પર કાબુ કરવાના સંઘર્ષનું સ્વરુપ લઈ રહ્યું છે. આપખુદશાહીનો અર્થ તેથી વધુ પડતો ડેટા સરકાર અગર તો નાના ભદ્રલોકના હાથમાં હોય એવો થઈ ગયો છે.

ઉદાર લોકશાહી સમક્ષનો મોટામાં મોટો પડકાર તેથી ઈનફોરમેશન ટેકનોલોજીની ક્રાંતીમાથી ઉદભવશે. કારણ આપખુદશાહી હવે લોકશાહી કરતાં વધારે કાર્યક્ષમ બની શકશે.

૨૦મી સદીમાં લોકશાહી અને મુડીવાદ ફાસીવાદને પરાજીત કરી શકયા કારણ કે ડેટા પૃથકરણ કરવામાં અને તેને આધારે નીર્ણયો કરવામાં લોકશાહી વધુ સક્ષમ પુરવાર થઈ. ૨૦મી સદીમાં પ્રવર્તમાન ટેકનોલોજી આધારે વધુ પડતો ડેટા અને વધુ પડતી સત્તા એક જ સ્થાન પર કેન્દ્રીત રાખવાનો પ્રયાસ અક્ષમ પુરવાર થયો.

સમય જતા કેંદ્રીત ડેટા પ્રોસેસીંગ વીકેન્દ્રીત કરતાં હંમેશાં જ અક્ષમ હોય તેવો કુદરતી નીયમ નથી. આર્ટીફીશ્યલ ઈન્ટલીજન્સ અને મશીન લર્નીંગ તેમ જ ડીપ લર્નીંગના ઉદય પછી ખુબ વીશાળ ટેડા સમુહનું એક જ સ્થાન પર ખુબ સરળતાથી પૃથકરણ કરવું વધુ વ્યવહાર્ય બન્યું છે. આથી બધા જ નીર્ણયો એક સ્થાનેથી કરવાનું પણ વ્યવહાર્ય બન્યું

છે. તેથી કેન્દ્રીત ડેટા પ્રોસેસીંગ વીકેન્દ્રીત ડેટા પ્રોસેસીંગ કરતા વધુ કાર્યદક્ષ બની રહયું છે. આથી ૨૦મી સદીના એકહથ્થુ સત્તા ધારણ કરનારની એક જ સ્થાન પર તમામ માહીતીને રાખવાની મુખ્ય મર્યાદા કે નબળાઈ હવે તેમની મોટામાં મોટી લાભકારકતા કે તાકાત થઈ જશે.

લોકશાહી સામે જે એક અન્ય ટેકનોલોજીકલ જોખમ ઉદભવી રહયું છે તે ઈન્ફોર્મેશન ટેકનોલોજીના બાયોટેકનોલોજી સાથે એકીકરણ મારફત છે. આ ઐકયમાંથી એવા એલગોરીધમ બની શકશે જે મારા કરતાં મારા અંગે વધારે જાણકાર હશે. એક વખત આવા એલગોરીધમ બની જતા એક બહારની સંસ્થા જેમ કે સરકાર માત્ર મારા નીર્ણયોનું પુર્વાનુમાનુ જ કરી શકશે એટલું જ નહીં, પરંતુ મારી લાગણી અને ભાવનાને રમાડી કે બદલી પણ શકશે. એક સરમુખત્યાર ભલે મને સારી તબીબી સવલત ન આપી શકે, પણ તે મને તેને પ્રેમ કરતો અને વીરોધીઓને ધીકકારતો જરુર કરી શકશે. આવા  પર્યાવરણમાં લોકશાહી માટે ટકવું મુશ્કેલ બનશે. કારણ છેવટે તો લોકશાહીનો આધાર માનવ તર્ક કરતાં માનવ લાગણી પર છે. ચુંટણી અને લોકમત સમયે એ નથી પુછાતું કે, ‘તમે શું વીચારો છો , પણ પુછાય છે કે શું લાગે છે ?’ જો કોઈ તમારી લાગણીને અસરકારકપણે રમાડી શકે તો પછી ચુંટણી માત્ર એક લાગણીની કઠપુતળીનો ખેલ થઈ રહેશે.

આપણે ફાસીવાદના પુનરાગમનને રોકવા માટે નવી તાનાશાહીને રોકવા શું કરી શકીએ ?  પ્રથમ જે પ્રશ્ન કરવાનો છે તે એ છે કે, ‘ડેટા પર કોણ કાબુ ધરાવે છે ?’ જો તમે ઈજનેર હો તો એવા માર્ગો ખોજો કે જેથી વધારે પડતો ડેટા ખુબ થોડા હસ્તક એકત્રીત ન થાય, અને એવા માર્ગો ખોજો જેથી વીકેન્દ્રીત ડેટા પ્રોસેસીંગ સેન્ટ્રલાઈઝડ પ્રોસેસીંગ જેટલું જ કાર્યક્ષમ બની રહે. લોકશાહી માટે આ સૌથી ઉત્તમ રક્ષણ છે. આપણા જેવા બાકીના, જેઓ ઈજનેર નથી તેમને માટે સુચન એ છે કે જેઓએ ડેટાને કાબુ કરી રાખ્યો છે તેઓ આપણને રમાડી ન જાય તે અંગે સાવધ બનવું.

ઉદાર લોકશાહીના દુશ્મનો પાસે એક પદ્ધતી છે. તેઓ આપણી લાગણીને હેક કરે છે. આપણા ઈમેઈલ કે બેન્ક ખાતાં નહીં. તેઓ આપણી ભય, ધીકકાર અને મીથ્યાભીમાનની લાગણીને હેક કરે છે. પછી આ લાગણીના ધ્રુવીકરણ મારફત લોકશાહીનો અંદરથી ધ્વંશ કરે છે. હકીકતમાં આ પદ્ધતીની પહેલ સેલીકોન વેલીએ  બજારમાં સામાન વેચવા માટે કરી હતી, પણ હવે ઉદાર લોકશાહીના દુશ્મનો આ જ પદ્ધતીનો ઉપયોગ ભય, ધીકકાર અને

મીથ્યાભીમાનને વેચવા કરે છે. તેઓ આવી લાગણીનું સર્જન શુન્યાવકાશમાંથી કરી શકે નહીં. આ માટે તેમણે આપણી અગાઉથી હયાત એવી નબળાઈ જાણવી પડે છે. તે જાણ્યા પછી આપણી સામે તેનો ઉપયોગ કરે છે. તેથી આપણી એ જવાબદારી બને છે કે આપણી નબળાઈઓને જાણીએ અને પછી એ ખાતરી કરીએ કે તેનો લોકશાહીના દુશ્મનોના હાથમાં હથીયાર તરીકે ઉપયોગ ન થાય.

આપણી નબળાઈઓને પારખવાથી આપણને ફાસીવાદી આયનાના ફંદાને ટાળવામાં પણ સહાય થશે. અગાઉ કહ્યા પ્રમાણે ફાસીવાદી આયનો આપણાં મીથ્યાભીમાનનો ગેરલાભ ઉઠાવે છે. તે આપણને આપણે છીએ તેનાથી વધુ સુંદર દેખાડે છે. આ લાલચ છે, પણ તમે જો જાતને બરાબર ઓળખતા હશો તો આ પ્રકારની મસ્કાગીરીથી બચી શકશો. અગર કોઈ તમારી સમક્ષ એવો આયનો મુકે કે જે તમારા તમામ કદરુપા ભાગોને સંતાડી રાખે, અને તમે છો એનાથી વધુ સુંદર અને કંઈ ઘણા મહત્ત્વના દર્શાવે તો એવા આયનાને તરત ભાંગી નાંખી શકશો.

સરકાર ઉપરાંત મહાકાય ધંધાકીય સંસ્થાઓ પણ છે, જેણે ખુબ વીશાળ ડેટા હસ્તગત કર્યો છે. વાસ્તવમાં જેની પાસે ડેટા પર કાબુ છે તે જ સરકાર છે. જો ડેટા કોઈ ખાનગી ઉદ્યોગ પાસે હોય, ઉદાહરણ તરીકે રીલાયન્સ, તો આ રીલાયન્સ જ સરકાર છે. આપણે સરકાર અને કોઈક ધંધાકીય સંસ્થા વચ્ચેની સાંઠગાંઠ નીહાળીએ છીએ, તે જોગાનુજોગ નથી જ. કોણ કોને ચલાવે છે તે સહેલાઈથી નક્કી થઈ શકે છે. તેમના વચ્ચેનો તફાવત દેખાવ પુરતો વધારે ને વાસ્તવીક ઓછો છે. આજના જમાનામાં ફેસબુક, ગુગલ, કેમબ્રીજ એનેલીટીકા જેવી ઘણી ધંધાકીય ટેલીકોમ અને આર્ટીફીશ્યલ ઈન્ટેલીન્સ સંસ્થાઓ ઘણા દેશના નેતાઓ આ ખેલના સક્રીય સોદાગરો છે.

મોટી વેપારી સંસ્થા બજાર પરીબળોને આધીન હોય છે ખરી અને ગ્રાહકો તેનો સામાન ન ખરીદવાનું પસંદ કરી શકે એવું પણ બને, પરંતુ સરકાર તો સર્વ ક્ષેત્રમાં પ્રવર્તતી હોવાથી તે વધુ જોખમી બની જાય છે. કરુણતા એ છે કે વ્યવહારમાં બન્ને સામે પ્રજા ખુબ જ લાચાર હોય છે.

---

**સત્યશોધક સભાને મળતું દાન ૮૦–જી હેઠળ આવકવેરા રાહતપાત્ર છે.**

# સુરત સહીત સમગ્ર ગુજરાતમાં કાળી ચૌદશનો વહેમ નાબુદી કાર્યક્રમ

સમગ્ર ગુજરાતમાં કાળી ચૌદશ સાથે સંકળાયેલ વહેમ-અંધશ્રદ્ધા નાબુદીનો કાર્યક્રમ રાજકોટના વીજ્ઞાનજાથાની આગેવાનીમાં થયો. વીજ્ઞાનજાથાના જયંત પંડયાના જણાવ્યા મુજબ રાજયના ૯૩૦ નાનાં-મોટાં નગરો-ગામડાંમાં કાળી ચૌદશ સાથે સંકળાયેલ ભયાનકતા-ડર-ભયનો ઉલાળીયો કરવામાં આવ્યો હતો. દરેક સ્થળે કકળાટના કુંડાળામાં કાર્યકરોએ પગ મુકયા. એમાંના વડા-ભજીયા આરોગ્યા. મેલીવીદ્યાને અગ્નીદાહ આપ્યા. ટંકારમાં રાજયકક્ષાનો મુખ્ય કાર્યક્રમ યોજાયો. ત્યાં તો મહીલાઓએ મેલી વીદ્યાની નનામીને ખાંધ આપી ! આમ કાળી ચૌદશ નીમીત્તે વીજ્ઞાનજાથાએ લોકોમાં વૈજ્ઞાનીક અભીગમ કેળવાય અને તેઓ અંધશ્રદ્ધા વહેમથી મુકત થાય તેના સફળ પ્રયત્નો કર્યા.

સુરતના વરાછામાં કાળી ચૌદશે કરુણા સેવક ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટે આ જ પ્રમાણે કાળી ચૌદશ સાથે સંકળાયેલ વહેમ-અંધશ્રદ્ધા નાબુદી કાર્યક્રમ કર્યો હતો. આશરે બે ટનથી વધારે વડા થેલામાં એકત્ર કરીને ગૌશાળાઓને અને ગરીબોને વહેંચી દીધા હતા. આ કાર્યમાં સુરત મહાનગરપાલીકાએ વાહનો અને સાધનોની સહાય પુરી પાડીને ઉમદા દાખલો બેસાડયો હતો. સત્યશોધક સભાના માધુભાઈ કાકડીયાએ આ કાર્યક્રમમાં ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો.

## સત્યશોધક સભાનાં પ્રકાશનો


| | |
|---|---|
| (૧) વીજ્ઞાન અને અલૌકીક ઘટનાઓ રૂા. ૫૦ | - ડો. બી. એ. પરીખ |
| (૨) ચમત્કારોં ની ભીતરમાં રૂા. ૩૦ | - સીદ્ધાર્થ દેગામી |
| (૩) નવા વહેમો : વાસ્તુશાસ્ત્ર અને ફેંગશુઈ રૂા. ૩૦ | - ડો. બી. એ. પરીખ |
| (૪) આપણો માંદો સમાજ રૂા. ૩૦ | - સુર્યકાન્ત શાહ |
| (૫) લગ્ન પહેલા અને પછી (બીજી આવૃત્તી) રૂા. ૩૫ | -ડો. બી. એ. પરીખ |
| (૬) ડાર્વીનનો ઉત્ક્રાંતીવાદ : માનવીનું અવતરણ રૂા. ૩૫ | -ડો. બી. એ. પરીખ |
| (૭) જ્યોતીષ વીજ્ઞાન નહીં, મીથ્યા કલ્પના રૂ. ૩૦ | -ડો. બી. એ. પરીખ |
| (૮) જૈનોનું તર્કશુદ્ધ અજ્ઞાન રૂા. ૩૦/- | -સુર્યકાન્ત શાહ |

## માર્ટીન મેકવાન 'ભેદભારતમાંથી સાભાર

**૨૦૧૬**

૧૭મી જાન્યુઆરી, ૨૦૧૬. તેલંગણા રાજયના પાટનગર હૈદરાબાદમાં 'હૈદરાબાદ કેન્દ્રીય વીશ્વવીદ્યાલય'ની હોસ્ટેલમાં ૨૫ વર્ષના દલીત યુવાન વેમુલા રોહીત ચક્રવતરુએ છત પરના પંખા સાથે દોરડું બાંધી આત્મહત્યા કરી લીધી ! છાત્રાલયનો આ ઓરડો રોહીતના મીત્રોનો હતો. વીશ્વવીદ્યાલયના ઉપકુલપતીએ તો વેમૂલાના હોસ્ટેલમાં પ્રવેશવા પર પ્રતીબંધ લાદ્યો હતો. રોહીત સાથે અન્ય ચાર વીદ્યાર્થીઓ માટે પણ શૈક્ષણીક પ્રવૃત્તીઓમાં ભાગ લેવા પર પ્રતીબંધ લાદ્યો હતો. આ પાંચેય વીદ્યાર્થીઓ ઘણા સમયથી વીશ્વવીદ્યાલયના પટાંગણમાં તંબુ તાણીને રહેતા હતા. એમને મળતી શીષ્યવૃત્તી બંધ થઈ ગઈ હતી, એટલે ખાવાના ફાંફા હતાં. રોહીતની મા સીલાઈ મશીન પર કપડાં સીવીને પોતાનું ગુજરાન ચલાવતી હતી.

રોહીત વેમુલા અને અન્ય દલીત વીદ્યાર્થીઓએ વીશ્વવીદ્યાલયમાં વીદ્યાર્થીઓ પર થતા ભેદભાવનો વીરોધ કરેલો. રોહીત અને તેના સાથીઓ પર ભા.જ.પ. સાથે સંકળાયેલ વીદ્યાર્થી પાંખના એક સભ્ય સાથે મારામારી કર્યાનો આક્ષેપ મુકાયો. વીશ્વવીદ્યાલયે તપાસ સમીતી નમી, તેને ફરીયાદમાં તથ્ય ન જણાયું, અને પોલીસ ફરીયાદ પણ વજુદ વગરની જણાઈ.

આ અહેવાલની ઉપરવટ જઈ ભા.જ.પ.ના કેન્દ્રીયમંત્રીના દબાણથી ઉપકુલપતીએ રોહીત અને તેના સાથીઓને સસ્પેન્ડ કરવાનો હુકમ કર્યો.

રોહીત પી.એચ ડી.નો વીદ્યાર્થી. એના જેવા ઘણા દલીત વીદ્યાર્થીઓની નાતજાતના ભેદભાવને કારણે ઉચ્ચ શીક્ષણમાં કારકીર્દી રોળાઈ જાય છે. રોહીત વેમુલા સાથે થયેલ અન્યાયના વીરોધમાં ભારતનાં તમામ કોલેજ-મહાવીદ્યાલયોમાં વીદ્યાર્થીઓ રોષે ભરાયા.

કેન્દ્ર સરકારે આકાશ-પાતાળ એક કર્યા. તેમનો એકમાત્ર ઉદ્દેશ્ય એ સાબીત કરવાનો હતો કે રોહીત વેમુલા 'દલીત' ન હતો. (સં. ની જાતમાહીતી)

એનું નામ ઐયારુ. તેને ૩૦ વર્ષ થયા નહોતા. એણે પોતાના ઘરે જઈ આત્મહત્યા કરી લીધી, અને એક લાંબા લખેલા કાગળમાં પોતાને શા માટે આત્મહત્યા કરવી પડી તેનાં કારણો જણાવ્યા.

પોતાની આત્મહત્યા માટે તેણે પંચાયતના આગેવાન શાંતીના પતી સેલ્વરાજને જવાબદાર ઠેરવ્યો. પોતે નીચી જ્ઞાતીની હોઈ સેલ્વરાજ તેની પાસે ઘરની તમામ સફાઈ કરાવતો અને સંડાસ પણ સાફ કરાવતો.

નોંધમાં લખ્યું છે કે, 'હું એનો હુકમ ન માનું તો ગાળો ભાંડે છે. હું સામો સવાલ કરું તો તારી નાત નીચી છે તેવું કહે છે. આવા સંજોગોમાં મને લાગે છે કે હું આ દુનીયાને લાયક નથી.' પત્રના અંતમાં ઐયારુ લખે છે : 'ડર ઝેરના ટીપા બરાબર છે.'

સેલ્વરાજે ઐયારુ પર ગામની રાશનની દુકાનમાં કામ કરતા મણી અને મીકેનીક તરીકે કામ કરતા શકતી વેલની હત્યા કરવા માટે દબાણ મુકેલું. જયારે એયારુએ તેમ કરવાની ના પાડી ત્યારે તારીખ ૨૭ જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ ઈડક્કલ પોલીસ મથકે ગ્રામ પંચાયતની કચેરીમાંથી ઐયારુએ સામાન ચોર્યો છે તેવી સેલ્વરાજે ફરીયાદ નોંધાવી.

વળતે દીવસે પોલીસે ઐયારુને પોલીસ મથકે હાજર થવા જાણ કરતાં તે દબાણ સહન ન કરી શકયો.

પોલીસે સેલ્વરાજની ધરપકડ કરી છે. **(ધ હીન્દુ : ૩૦ જાન્યુ., ૨૦૧૬)**

**૨૦૧૮**

એનું નામ રતનચંદ્ર બીશ્વાસ. આસામના બોંગાઈ ગામ જીલ્લામાં માણેકપુર પોલીસ સ્ટેશનની હદમાં આવતા ગેરૂકાબારી ગામનો વતની. તે 'હીંદુ દલીત' છે. એના બાપુનું નામ આનંદચંદ્ર બીશ્વાસ.

બે વર્ષ આઠ મહીના પહેલાં એને એકાએક નોટીસ પાઠવવામાં આવી કે તે 'શંકાસ્પદ વીદેશી' છે. રતનચંદ્ર ગભરાયો. એક વચેટીયા દ્વારા સ્થાનીક પોલીસમથકનો સંપર્ક કરવાની કોશીશ કરી. પોતા વીશે સ્પષ્ટતા કરવાની કોશીશ કરી. એની લાંચ આપવાની શકતી ૫૦૦ રુપીયાથી વધારે ન હતી તેમ જણાય છે.

ત્રણ મહીના બાદ એની ધરપકડ થઈ, અને એને ગોલપારા ખાતે અટકાયત કેન્દ્રમાં મોકલવામાં આવ્યો. આ સમયે એની શારીરીક સ્થીતી સારી ન હતી. તે હવે વણસી.

લાંબી બીમારી બાદ એને ગોલપારાની હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યો.

એક વીડીયો સંદેશામાં એ કહે છે, 'હું ધોરણ ૬ સુધી ભણ્યો છું. ૧૯૬૬ની ચુંટણી યાદીમાં મારા દાદાનું નામ છે. મારા બાપાના નામ પર એક જમીનનો નાનો ટુકડો પણ છે. હું ભારતનો નાગરીક હોવા છતાં બે વર્ષ અને પાંચ મહીનાથી અટકાયતી કેન્દ્રમાં છું !'

એની સારવાર ચાલુ છે પણ એને હાથકડી અને લાંબુ દોરડું બાંધેલું છે.

**(કાઉન્ટરવ્યુ : ૬ નવેમ્બર, ૨૦૧૮)**

# અમેરીકનો પોતાને જો ‘ધર્મ–વીહોણા’ નોંધાવતા હોય તો તમે કેમ નહીં ?

ઈ.સ. ૨૦૧૧ની વસતી ગણતરી પ્રસંગે લાખો વીરલાઓએ ભારતમાં પોતે ‘ધર્મ-વીહોણા’ નોંધાવેલું. ૨૦૦૯માં ૧૭ ટકા અમેરીકનોએ પોતાને ‘ધર્મ-વીહોણા’ જાહેર કરેલા. ૨૦૧૮માં તે વધીને ૨૬ ટકા થયા છે. એનો અર્થ એ કે અમેરીકાની કુલ વસતીનો પા ભાગ ‘ધર્મ વીહોણો’ બની ગયો છે. આ આંકડો વધી શકે કારણ કે વાસ્તવમાં એકલા ખ્રીસ્તી ધર્મમાં આ આંકડો આ સમય દરમીયાન બાર ટકા ઘટયો છે. અન્ય મુસલમાનો જેવા વર્ગોમાં પણ ઘટાડો નોંધાયો છે. આથી જુદા જુદા ધર્મો મળીને ધર્મમાં માનનારાઓની સંખ્યા તેર-ચૌદ ટકા જેટલી ઘટી અને ‘ધર્મ-વીહોણા’ની માત્ર નવ ટકા વધેલી નોંધાઈ. તેનો અર્થ એ કે લગભગ પાંચ-છ ટકા લોકો ‘ધર્મ-વીહોણા’ હોવા છતા તે પ્રમાણે નોંધાયું નથી. ૨૦૨૧ની વસતી ગણતરીમાં આપણે આવી ભુલ કરવાની નથી. આપણે વસતી ગણતરી કરવા આવનારને સ્પષ્ટ અને આગ્રહભરી રીતે જણાવવાનું છે કે તે આપણને ‘ધર્મ-વીહોણી’ કોલમમાં જ જણાવે. આવું થાય તો ખાતરીપુર્વક કહી શકાય કે ભારતમાંના ધર્મ-વીહોણાના સાચો આંકડો મળશે, જે પંદર ટકાથી ઓછો નહી. હોય. તો..ચાલો ‘ધર્મ-વીહોણા’ લખાવવામાં મકકમ રહીએ.

# માનવ–માંસખાઉ મહંત રાજેન્દ્રગીરી

ઉત્તર પ્રદેશમાં રાજેન્દ્રગીરી અને તેના ચેલા નીતેશનું અંકુશ યાદવે ખુન કર્યું. એ પકડાયો. પોલીસે એને ખુન કરવાનો એનો હેતુ પુછયો. અંકુશે જણાવ્યું કે ૧૨ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ એની બહેનનું અવસાન થયુ હતું. સ્મશાનમાં એના પાર્થીવ દેહને અગ્નીસંસ્કાર માટે લાવવામાં આવ્યો હતો. શબ અડધુ-પડધુ બળ્યુ ત્યાં તો રાજેન્દ્રગીરી અને નીતીશ ચીતા પાસે ધસી આવ્યા. ચીતાની આગથી શબના શેકાયેલા માંસને એમણે કાઢવા માંડયું. બધા ડાઘુઓની હાજરીમાં તે ખાવા માંડયા. અંકુશે જણાવ્યું કે આવી ક્રુરતા

(વધુ ટા.–૪ ઉપર)

RNI, Delhi, Regd. No. GUJ GUJ/2009/30348 Posted under Registration License No. SRT-716/2019-2021 (with prepayment of postage)

**(ચાલુ ટાઈટલ–૩ નું)**

જોઈને એ નીરંકુશ થયો. એણે એ બંનેને ત્યા જ મારી નાંખ્યા. અંકુશની કબુલાત જાહેર થઈ. ત્યાર બાદ બીજી અઠ્ઠાવીસ વ્યકતીઓએ પોલીસને જણાવ્યું છે કે મહંતે એમનાં સગાંવહાલાંના શબને પણ આ પ્રમાણે ખાધા હતા ! પોલીસની આગળ વધતી તપાસમાં જાણવા મળ્યું છે કે આ મહંતે ૧૩૬ શબને ખાધા છે ! અત્યાર સુધી તો એવા સમાચાર મળતા કે આવા બાવાઓ-મહંતો અને અન્ય ધર્મોના આવા જ આગેવાનો ભકતોના તન-મન-ધનને લુંટે છે. હવે એ જાણવા મળ્યું કે તેઓ તો એમના તનને આરોગે પણ છે. ધર્મના આગેવાનોનાં આટલા ગંભીર અને ધૃણા ઉપજાવે તેવાં દુષ્કૃત્યોને જાણ્યા પછી પણ લોકો એમના ‘ભગત-ભગતાણી’ બનવા એમની પાસે દોડી જાય છે તે મોટું અચરજ છે.

**‘સત્યાન્વેષણ’ને સફળતાની**



**શુભેચ્છા...**



**એક શુભેચ્છક તરફથી**

**માલીક સત્યશોધક સભા વતી મુદ્રક અને પ્રકાશક સુર્યકાન્ત શોભાગચંદ શાહે અગ્રવાલ ટ્રસ્ટ, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત–(ગુજરાત), ફોન નં.–(૦૨૬૧) ૨૫૯૦૮૪૭ ખાતે ‘સત્યાન્વેષણ’ છાપ્યું અને પ્રસીદ્ધ કર્યું. મુખ્ય સંપાદક : સુર્યકાન્ત શાહ**